**સરસ્વતીના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સરસ્વતી**
**(એમ.એમ.નવધરે સાહેબશ્રીની કોર્ટ)**

---

**ફોજદારી કેસ નં.૪૪૪/૨૦૨૬**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃ** (૧) નાનજીભાઈ પુંજાભાઈ ચૌધરી (માલિક)
(ધંધો –કોન્ટ્રાકટર, ઉ.વ.આ.૪૫)
રહે. ૧૧, ત્રીજો માળ, એમ.જી.માર્કેટ, રાજ મહલ રોડ, મહેસાણા

**સંસ્થા:**– મારૂતિ લેબર સીકયુરીટી એન્ડ ટ્રાનસપોર્ટ કંપની કેર ઓફ સમરસ કુમાર છાત્રાલય, મું.ચોરમારપુરા, તા. સરસ્વતી, જિ.પાટણ

**કામનું સ્થળ :–** સમરસ કુમાર છાત્રાલય, મુ.ચોરમારપુરા, તા. સરસ્વતી, જિ.પાટણ

**ગુન્હોઃ** **<u>લઘુત્તમ વેતન અધિનિયમની કલમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧ ના ગુજરાત વેતન નિયમો ૨૬(ડી), ૨૬(૨) ૨૬(બી)(૧), ૨૩(૧) અને ૧૨(૧) મુજબ.</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, શ્રી સરકાર તફે ફરિયાદી કુ.એમ.એમ.કથીરીયા, સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન નિરીક્ષકે સદરહું સંસ્થા ને મારૂતિ લેબર સીકયુરીટી એન્ડ ટ્રાનસપોર્ટ કંપની કેર ઓફ સમરસ કુમાર છાત્રાલય, પાટણની તા.૨૭.૦૨.૨૦૨૬ ના રોજ મુલાકાત લેતાં, આરોપીની ઉપરોકત સંસ્થામાં ઓકટોબર–૨૦૨૫ થી વેતન રજીસ્ટર, હાજરપત્રક, ઓવર ટાઈમ રજીસ્ટર માંગવા છતાં રજુ કરેલ નથી, શ્રમયોગીઓને પગાર ચિઠ્ઠી, હાજરીકાર્ડ આપવામાં આવેલ ન હોઈ તેમજ

શ્રમયોગીશ્રી કેતનભાઈ જશંવતભાઈ મહેતાને નિયત કરવામાં આવેલ લઘુત્તમ વેતન કરતા ઓછુ વેતન ચૂકવેલ તેમજ શ્રમયોગીઓને અઠવાડીક રજા આપવામાં આવતી ન હોઈ, હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં અત્રેની અદાલતમાં હાજર થતાં, આરોપીને ફરિયાદની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીએ આ કામે આંક–૦૫ થી ગુના કબુલાત પુરશીષ આપી, તેઓનો આ પ્રથમ વખતનો ગુનો છે તેમજ તેઓ ગરીબ મજૂર વર્ગના છે. કુટુંબ કબીલાવાળા માણસ છે. કુટુંબમાં કમાવનાર વ્યકિત એક જ છે. આખા પરિવારના કુટુંબની ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે. તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપીને કબૂલ મંજૂર છે. તેમજ આરોપી હવે પછી ક્યારેય આવો ગુનો નહી કરે તેમ જણાવી દયા કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે આ કામના આરોપીની પ્લી આંક–૦૪ થી લેવામાં આવેલ છે. આમ, કેસની હકીકત તથા આરોપીની આર્થિક સ્થિતિને ધ્યાને લઈને, તેમજ લઘુત્તમ વેતન અધિનિયમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧ ના ગુજરાત લઘુત્તમ વેતન નિયમો ૨૬(ડી), ૨૬(૨) ૨૬(બી)(૧),૨૩(૧) અને ૧૨(૧) મુજબના સંજોગો તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબૂલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫(૧), પાન નં.૭૦૯, ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં આપેલ માર્ગદર્શિકા મુજબ આ કામના આરોપીને સુધરવાની એક તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- આરોપી નેદરીયા આસિફભાઈ યુનુસભાઈનાઓને બી.એન.એસ. એસ.ની કલમ–૨૭૫ અન્વયે લઘુત્તમ વેતન અધિનિયમ કલમ–૧૮ સાથે વાંચતા ૧૯૬૧ ના ગુજરાત લઘુત્તમ વેતન નિયમો હેઠળના નિયમો ૨૬(ડી), ૨૬(૨),૨૬(બી)(૧),૨૩(૧) અને ૧૨(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.**

**૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો વધુ દિન-૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.**૧૧ મી,**માહે **જુલાઈ,**સને-**૨૦૨૬** ના રોજ લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તા.૧૧.૦૭.૨૦૨૬
સરસ્વતી.

(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સરસ્વતી,
કોડ નં. જી.જે.૦૧૭૧૫

પાવતી નં.............................. તા.૧૧.૦૭.૨૦૨૬
થી રૂા.................................. દંડના વસૂલ લીધા.

નાઝીર
સરસ્વતી કોર્ટ